કાવ્યમાળા સીરીઝ નં. ૧

બંધનમાં પડતાં દુનિયાના ફુટકા જગતની અજબ ગતી. વીગેરે જ્ઞાન આપતાં કાવ્યોથી ભરપુર.

મનહર-કાવ્યમાળા

યાને

સંગીત, રહસ્ય-ધ્વની.

પ્રકાશક.

શા. ચુનીલાલ મગનલાલ બુકસેલર

માલેક-મનહર પુસ્તકાલય લીમડાચોક-સુરત.

"ચાલી તૃષ્ણા દોર કરે કુંચા, મનુષ્ય ના કંઈ મુકે બાકી:"
"જગત ચક્કી, તાંગુ ચક્કર, પીસાતી-દુનિયા, આખી,"

વેચનાર

બુકસેલર મણીલાલ ભાઈશંકર વ્યાસ

૫૦ સ્ટેશન રોડ-રોયલ થીએટર પાસે-સુરત.

સંવત ૧૯૭૫. આવૃત્તી ૧લી. પ્રત ૧૦૦૦.

કીંમત ચાર આના.

॥ શ્રી ॥

નહર-કાવ્યમાળા

યાને

સંગીત, રહસ્ય-ધ્વની.

પ્રકાશક.

શા. ચુનીલાલ મગનલાલ બુકસેલર
ઠે૦ લીમડાચોક-સુરત.

"ચાવી તૂણ ફેર. ફેરે ફુંચ્યા, મનુ'ય ના કંઈ મુકે બાકી;"
"જગત ચક્કી, તણું ચક્કર, પીસાતી-દુનિયા, આખી,"

સને ૧૯૧૯. પ્રત ૧૦૦૦. સવંત ૧૯૭૫.

આ બુક સુરત ખપાટીઆ ચકલા, તાસવાળાની પોળ, લક્ષ્મી નારાયણની વાડીમા આવેલા "જૈનવિજય" પ્રીન્ટીંગ પ્રેસમાં ઇશ્વરલાલ કીસનદાસ કાપડિયાએ છાપી.-સુરત.

મુક્તાની [illegible] તમથી કદી–તાગે–ઊમંગ ઉર, લ
થાશે–શૈ, તમથીજ તે–તો, જો, ભાવ ! અંતર, લાવશે

મારાં ધર્મના સ્નેહીઓ,

હૃદયનાં રસ્તામાં રહેલાં

રોડાઓને દુર કરવામાં તમોએ ધારણ કરેલી.
બુઠ્ઠી. કરવતી (જીભ) થી

तमारां मॉन्य स्वार्थ साधनम्

કાર્યની. વફાદારી ભરી યાદમા. આ નિરશ જીવનને
પડેલા વખતો વખતના ઘામાથી. ઝરેલાં લોહીનાં
ઝરણાંઓમાં ઊગી નીકળેલા, કાવ્ય ઝરાપરનાં
અંકુરો પણ અંતરનાં રક્તથી ખીલાવેલા પુષ્પોની
નજીવી પણ મનોહર કાવ્યમાળા. આ
સ્નેહાંધ જીવ તરફથી

સમર્પણ.

“ હુતાશીની ”



“ ફૂલ મંદીર ” ૧૯૭૫. “ ફાલ્ગુન પુર્ણિમા ”

“આવી તૃણ ઢોર, કરે કુંચા, મનુષ્ય ના કંઈ મુકે બાકી,”
“જગત, ચક્કી, તણે–ચક્કર, પીસાતિ દુનિયા, આખી.”

મનહર કાવ્યમાળા,

યાને

સંગીત હૃદયધ્વની.

"स्तुती. मंगळम् मनहर."

મનહર? નામ તુંજ, મનહર કામ તુંજ.
મનહર ધ્યાન તુંજ દર્શણ આનંદકારી છે.
નામો અનેક મનહર! કામો અનેક મનહર?
છે ધ્યાને અતિ મનહર? ધર્મ ધારીને,
રે મનહર। બુદ્ધિ દાતા! ગુણ મનહર તારા ગાંતાં
ભમે યોગી ઝુંડ જ્યાં ત્યાં, તુ મનહર! રૂપ જોવાને
મનહર? બુદ્ધિ શુદ્ધિ કર, મનહર! આનંદ ઊર ઉભર.
મનહર! મુક્તિ ભક્તિ કર, મનહર, સુખ જોવાને

માંગણી.

—રાગ ગઝલ કવ્વાલી,—

ગુરૂ કીરપા કરો મુજપર, ગોવિન્દ દીખાવો. તો. કયા હોગા,
રૂઠે હય દોસ્ત ઔર ભાઈ, રૂઠે હય બૈન ઔર બાઇ,
ભરા હય. હુંપદ સબકે તનમે! ઊસે છુડાવોગે તો ક્યા હોગા,
રોકો સબ દુ:સહ દરદ મેરે! દુશ્મનકુ દીયો શીક્ષા,
સેવક હમ તો તુમારા હય! કરો ઇન્સાફ તો કયા—હોગા,
ચુકના કુચ્છ હમેરી હય! હો સબ જાનીતે તુમ્હીં.
નીશદીન શરન ચાહતા હું. શરન દોગે તો કયા હોગા.
બે શુમાર હય. તુમારી રહમ. રખે ના રહમ એસી કોઇ.
ડોકાશા દંડ દુષ્ટો કો! કરોગે તો, ક્યા. હોગા.
છે બિનતી હમારી યેહી! ઉતારો—આપ મન માંહી.
તુમારે ભરોશે અમ તો હે નીભા—લોગે તો, ક્યા હોગા.

દશા ના દાવ.

—" કવ્વાલી "—

બતાવો. કોઇ જોશીઓ, નશીબે, શું' લખેલું છે,
કહો, શું! લેખ, લખેલા તે ભલીશ, મા શું, ભરેલું છે.

× × × × ×

હતો **હરીશ્ચંદ્ર** મહારાજા, જગે સત. વાદી, **તે** પુરો,
અને **નળરાય** પણ તેવો હતો **સત્યે** મહાસુરો.

છતા તજી રાજ ને ગાદી' ભટકીયા ભાવિને ભાવે,
રહ્યા ના સુખમા કાંઇ' **દશા ના દાવ** ને દાવે.

હતો **લંકેશ** મહાબળીયો, બાંધ્યા ગ્રહ **દેવ**ને તાણી.
હરી, લાવી, **સિતા** આખર કરી **લંકા** ધુળ ધાણી.

હતા **શ્રી રામ** અયોધ્યામા, સરવનું સુખ ચાહનારા,
જવું વનમા પડયું તેને, કરી નીજ તાત ને ન્યારા.

હતાં દેવાધી, દેવ, એ આપે, લીધો તો જન્મ ઇચ્છા એ,
ગયા, જાતે, **દશા દાવે** સુવર્ણ મૃગ હણવા એ.

શું હરી, **લંકેશ** જતો **સિતા**, હતા શું! **રામ** અધુરા,
ભોગવ્યા ભલ ભલાઓએ **દશા ના દાવ** ને પુરા.

પરમાર્થ.

—ગઝલ—

કમાયો શું કમાઇને, દયા જે દીલના વરશે,
ના, હરશે પીડા પરાયાની, સ્વહીતકારજ તે શું, કરશે.

તજી ઘર બારની પરવા, સદા પર કાજ જે કરશે,
"ને" વખત વિકાળ આવે તો, ધીરજ તે અંતરે ધરશે.

નમન તેને હજારોનું, તરાવી સર્વને તરશે,
અમોને એ મુબારક હો, ભલું જે કોઇનું કરશે.

હવે ઇચ્છા નથી મારી !

—ગઝલ, રાગ કવ્વાલી.—

હવે શા કાજ હું બોલુ, હતી ત્યારે હતી યારી,
ગયા સૌ ગુણ તમે ત્યાગી, તો હવે ઇચ્છા નથી મારી.
વફાપર જફા જગે ધારી ! હવે ના દોસ્તી મારી.
ગયા, મિત્ર ધર્મ ને હારી ! તો હવે ઇચ્છા નથી મારી,

મને રૂડયા એ સાગરના, ઊડયા મોઝા નથી ગમતા.
બલે ચઢી, ખારાં પટ પર ! ભુંડા ભાવે રહે ભમતા,
હતા સ્નેહાધ, સ્નેહી ! તો, વફા પર થઇ જફા યારી.
ધર્યુ ખંજર ગરદનપર, તો હવે ઇચ્છા નથી મારી,

× × × × ×

કંઇ કરી કજીઆ નકામા તાં, વગોવો ના હવે મુજને.
દીલાશો ના, હવે કંઇ દો, જહર ના જખ્મપર મુજને,
થઇને દુર બનીશ હું ક્રુર, જફાના ઝેરને ધારી.
ન ધારો એહવું કોઇ, વીના ઇચ્છા એ નથી મારી,

× × × × ×

મુરખ ને હાથ, મણીતારે, ન કીમત તું કદી ધારે.
આંકીલે, આંકીલે, કસોટી, કશ, પરે જારે,

× × × × ×

જગત ની જીભડી જુઠી ! થતી ના કરવની બુડી.
સીતા પણ રામથી છુટી ! જગતની વાતપર રહી
છુટયો હું આજ તારાથી, નથી કહી તેં કદી પણના,
નથી કહી ના, નથી કહી હા, પુરો એ દોષ તારો છે.
પુરો એ દોષ તારો છે ! છતાં વિધીને પ્યારો એ,
ઘડે માણસ નશીબ નીજનું ! વિધિનો ત્યાં શું ચારોછે ?

× × × × ×

નશીબ ના—માણસ ઘડતું, ઘડે—માણસ—નશીબા ને,
ભર્યો છે ભેદ અજબ એમા, જીગર ને ચાક કરવાને !
સમજે એ વાત કંઇ જ્ઞાની, ખુદાથી જે કરે યારી
ન સમજ્યા જો, સમઝો તો, હવે ઇચ્છા નથી મારી.

નઠારી નાર નવરીચો !

—ગઝલ. કવ્વાલી.—

વગોવે કરી અન્યની નીંદા, **નઠારી નાર નવરીયો,**
ઘરો ઘર **ભમતી વંતરી,** નઠારી નાર નવરીયો.
હોય નાં કામ કંઇ ઘરમાં, ભટકતી **ગામના ઘરમાં,**
બની, **રાંડી-શાહુજાદી,** ચલવતી રાજ રાંડોમાં.
મળે ભેગી **એ—રંડાઓ,** ધણી નો ધાક ના માથે,
ભમે **કમજાત કુલટાઓ,** વખત કંઇ એ વખત સાથે.
થઇ આગેવાન કો એમાં ! ભેગી ખુબ બામટી કરતી,
ભટકતી વાત બબરાવી, વીવાદો **વાંદરી** કરતી.
બની **નિર્લજ અને નકટી,** સુખે **પર નીંદાઓ** કરતી,
ચડી અન્યાય ને આશન, **કચેરી ચોકમાં** ભરતી.
કરી વિવાદ **વેશ્યાઓ !** ઉઘાડી જાંગ ને કરતી,
કરી ખુબ બાપણો—મોટાં, **પરાયા પાપ ને હરતી.**
કહેશે ! ફલાણી ચાલે છે આવી, ફલાણો **જાય નીત આવી,**
ફલાણીને **વશ** કરવામાં, જરા ના બેન હું ફાવી.
ફલાણી ના માનતી મારૂં, ફલાણો કરતો નીત ધાર્યું.
બળે બેન, પેટ નીત મારૂં. કરે શીદ નીત એ ધાર્યું.
જણે કંઇ **કુવારીઓ પુત્રો,** કરામત એવી મારામાં,
પણ એને વશ કરવામાં, નથી જરી જોર મારામા !
અરે બ્હેની, પેલી તો આજે, ફલાણાને ત્યાંહા ગઇતી,
કહ્યું ના માયનું મારૂં, ફજેતી ખુબ તહા થઇતી.

* * ÷ * *

કરી એમ **અપગી** વાતો ! વંઝયાંને **પુત્રો પ્રગટાવે,**
વશે જ્યાં **સ્ત્યે સંપીલા,** સદા ત્યાં **હોળી શળગાવે.**
કહો ? પુછીસું એહ **રંડાને**—કે ! તમારે કેટલા **માટી,**
નવી નીત વાતડી કરતાં, **નથી** તમ **જીભ ગંધાતી.**
ધણી માથે નહી તેમાં—નવા નીત માટીઓ કરતી,
પોતાનું પાપ. છુપાવા, પરાઇ નીંદાઓ કરતી.

* * * * *

પડોના પાનું સ્વપનામાં, રાંડી ઘર માંડેલી સાથે,
વગોવશે નીત કરી નીંદા, નઠારી નારીઓ સાથે.

કરો તેવું સદા પામો.

—કવ્વાલી—

નથી નેકીતણો ઇન્સાફ, બદીનો દાવ ફાવે છે,
જહાં માંથી જવા માટે, ભલા પર રૂક્કો આવે છે.
અય કમબખ્ત સ્નેહીઓ, ભલાઈ યાદ આવે છે,
જીગરનો નાશ કરવાને, છુરી મીઠી ત્યાં ફાવે છે.
નથી બુરાઇ મેં કીધી, કે નથી કૈં મેં ગુન્હો કીધો,
પણ તજીને રાહ દુનિયાની, હવે જહન્નમ જવાનો છું.
હાય કીધું ભલું, ભલાકાજે! મળ્યો ઇન્સાફ ના તેનો,
ભલા-તમથી તો શયતાનો, અદલ ઇન્સાફ છે તેનો.
અરે, અંધા, સૌ ધર્મો, પોકારી જગતને કહેતાં,
અંતે ધર્મો સત્યેજય, પણ-હવે છે ફ્દ થઈ રહેતાં.
સ્નેહ જુગાર પર-હારી, બન્યો ભિખારી હું આજે,
દુર્ભાગી હાલ મારો આ અરેરે સ્નેહને કાજે.
અરેરે, દયામયી-કુદરત! ભુલ્યો હું સ્નેહના સંકટ
નતિજો આ મળ્યો તેનો-બદી ના વાગતા કંટક

× × × × ×

અંધી આંખડી અફશોશ-ના સાંખી રહી સતને.
પ્રગટાવી હોળી તનમાં! ધીક્કારો જગત તે જનને!
વડી-વડાઇ-વદીને ખુબ! વડીલ પોતે ભલે બનતા,
કે તમથી પત્થરો છે પુજ્ય-નથી તમને હમે નમતાં.
કરી ખુબ ડોળ ધર્મીનો! અરે કર્મી તમે બનતાં!
હરામ જણતર જનુનીનું! જરા હલાલ ના કરતાં.
બનીને દાસ લક્ષ્મીના, કરો માફ પાપનાકામો,
મળશે ઇન્સાફ અદલ અહીંયા, કરો તેવું સદા પામો.

વિર-કુણાલ-માંથી કાંઇક.—

જોયો જમાનો આકળીનો, પાપનો વિસ્તાર છે,
જ્યાં ત્યાં જગતમાં પાપનો, જામી રહ્યો અધીકાર છે.
સારા બિચારા ખાય ખત્તા દુર્જનો પુંજાય જ્યાં,
મરવા પછી સદ્ગુણ ગણે, દુનીયા અજબ નાદાર છે.

આંધળા માટે આરશી.

—કવાલી.—

તમે કહ્યું બધું સાચું, હવે બાકી છે ! કહેશો,
વરશાથી લો સિતમ સર્વે, ન બાણ કંઇ રહેવા દેશો.
તમે, બાંધી કહ્યું ગાંડ, હને એમ માનશું સાચું,
ખડ ખોટું હૃદય પટપર, નમેલુ વાચવા, દેશો.
+ + + + +
ગપાટા સૌ તમારા એ, હમોને કામ ના આવે,
ભર્યું તમ પેટ માંહે પાપ, હમોને બોલવો દેશો.
તમે-બોલ્યા !-મા દીકરો. કરે છે, કારમા કામો,
મુબારક, બુદ્ધી તમારીને, કહો કેમ માનશે શામો.
તમે-રહો-પાપમાં રાચી, હમે છીયા સત્યના સાથી,
હમારી શું મતિ માઠી. જીગર ને બનણવા દેશો.
+ + + + +
તમે, બકવાદ કરો છો તે, તમારી મુર્ખતા તેમા,
અમારી અલ્પ બુદ્ધી કહે, જરા ઝાંટા જઇ જોશો.
નહિ કડવું કદી ઓસડ, હણે આ જાન જે પ્યારો,
દુઃખે શુ પેટમાં તમને ! જરા હમને તમે કેહેશો.
ખુશામતના તમે માલીક, હમે દુશમન ખુશામતના,
ભલે તે વૈર ને કાજે ! જળાવી જાન ને દેશો.
હતી જ્યાં ધર્મની શુદ્ધી, બણી ત્યા હેવાનની બુદ્ધી.
પુરાણા પાપ શું જાગ્યા, વિચારી તે જરા જોશો,
+ + + + +
બધું જાણો તમે આજે ! છુપાવી પુછતા શાને.
મુકીને સત્યના રસ્તા, વહો કુમાર્ગે શાને,
+ + + + +
મળ્યુ કારણુ બધા મુળનું, **થવું ગાદી પતી તમને,**
તમોને તે મુબારક હો, હણો ના કંઈ હવે હમને.
ન ગયા લઇ સાથ પૃથ્વીને, ગુરા માહ રામ કે રાજા,
તમારી સાથ ભલે આવે, હમારૂં છે હૃદય રાજા.
હણાવો લોજ ને સુંજે ! મુકયું તું શું કહોબાકી.
હમારો નાથ સબળો તો, કરશે તમ સુરત કાળી.

વડાનિ વડાઈ.

—કવ્વાલી—

વડીલ થઇ, વડાઈ ના કરી, વડો થયો "ઝખ મારવા"!
નાહાનને પોષ્યો નહિ, મોટો વૃથા–ઝખ મારવા.

શેઠાઈ પટલાઇ બહુ કરી, હું પદ, વર્યાં **મરકટ** સમા,
નિજ જીવને બોધ્યો નહીં, હું પદ વર્યાં ઝખ મારવા.

મોઝો હજારો મારતાં, સફેદ બગલાં બહુ બની!
મોઢે, ચહોડી મેશ, બગલા બન્યા ઝખ મારવા!

કર્તાં થયા **વહીવટ** બધો, પણ, પીડા **પીતાને** આપતા,
આંખો રડે નીજ **તાતની**, તો–**પૂત્ર** થયા ઝખ મારવા.

સુખ હોય સ્વપ્ને ના કદા, દુનિયા, દીશે સઘળી કફા,
થાયે **કુટુંબમાં કલેશ** નિત્યે! સુખીયા થયા ઝખ મારવા!

વાણી અને વચનો વદી, માયા મુકી મન વેગળી,
ઢોંગી થઈ વળગી રહ્યા, સોગંદ લીધા, ઝખ મારવા.

ધર્મ, ગ્રહી, કંઇ કંઇ શીખ્યા! મહા પંડીત તો, જાતે બન્યા,
ના જ્ઞાન દીધું દેહને, તો, પંડીત થયા ઝખ મારવા.

નખરાં કરો નીત નીત નવાં! **નવીન નવાઇઓ કાઢવા,**
સંતોષતા નાં **બાપને**, તો, નખરા કરો ઝખ મારવા.

બહુ દુઃખથી, મોટા કરી, **બાપે** જીવાડયા દીકરા,
તે **બાપે** સુખ દીઠું નહી, તો–પેટે પડયા, ઝખ મારવા.

ઈન્સાફથી આપો નહી! જુલમ કરી જાહે લીયો!
ધીક્કાર છે, એ આપવા પર, જુલ્મો કરો ઝખ મારવા.

ખાઇ નીમક જેહનું, હલાલ ના હાથે કર્યું,
નર–નહી, પણ ખર–ખરે, ખાધું નીમક ઝખ મારવા.

સત્ય વાત આ, **લક્ષ્મી** મળે, ધનવાન કે **મોટા થવા,**
રહસ્ય સત્યનું જાણ્યું નહિ, મોટા થયા ઝખ મારવા.

બાપુ બની તમે જેષ્ઠ, નીજ તનયામાં ભુંડું ભાખતાં,
રૈ, રૈ, મળશે નર્કરે, જેષ્ઠ થયા, ઝખ મારવા!

મારો સિદ્ધાન્ત.

—ગઝલ—

આ હૃદય, હમારૂં છે નિરસ, અમ વાંક એમાં શો અરે,
સો, સો, મળે લાખો છતાં, રસ ઝરણું એક ના ઝરે.
સહુ લોક બેપરવા ગણે કે, ઠગ ગણે તોએ ભલે,
બગ ભગત કે, કે ભગત કે, જે જે કહે તે તો ભલે.

નબળો કહો **નકટો** કહો, **કૃતવ્ય વિમુખ** જો કહે,
છતાં હમારો **ધૈર્ય ગુણ**, મેરૂ ચળે પણ ના ચળે.
નીત શત્રુ પર સ્નેહ રાખવા, ને હમે લલચાઇએ,
પછડાઇએ, પસ્તાઇએ, શો, શો, તમાચા, ખાઇએ.

ને **આત્મ સ્વરૂપે** જોયા સૌને, ના જોયા ના થાય તે.
ના, સ્નેહ જાય, તેથી કદી જો, ભુ કંપ, ભલે થાય કે,
હમને દ્રોહ કરનારા પ્રતિ, પુષ્કળ મને પ્રગટે **ક્ષમા.**
અવિચારી કહો, કે મુર્ખ કો, **કો, કો, ગમે તે નહી તમા,**

રણ વિરતાનું હથીયાર એ, હમને મળ્યું રણ જગતમાં.
માફી મળે કર માફ જગમાં, તો શીદ હું તજું ક્ષમા,
રે કંઇ કંઈ ગરીબો ! અનાથ, જગમાં તળવળે બહુ ઇચ્છતા.
દીધું દયાળે સ્વલ્પ છે તો, દાન કરવું અલબતા,

સહુને જીવાડી જીવવું, છે સિદ્ધાંત શાસ્ત્રોનો શરા.
તો દુઃખથી ડગમગ બની, શું માનવે ત્યજવી કૃપા,
છે મુજને વિશ્વાશ સત્યે, ફળ મળે કે ના મળે.
ક્ષણ એક કે જુગ વેઠતાં, દુઃખડું ટળે કે ના ટળે.
જ્ઞાની કહો કે મુર્ખ કહો ! પણ પાગલ એમાં હું ખરે.
છે ! **સત્ય એજ સિદ્ધાંત મારો,** દેહ જાએ પણ ના ચળે,

—ગીતી—

મરતાં મુકવું ના હતું ! નિશ્ચય, હતું મનમાં કર્યું !
પણ મન બન્યું ! લોકોકમાં ! ન ધાર્યું, ધાર્યું તો કર્યું.

—સોરઠો—

હતી ઘણીએ આશ આખર વખત નથી એકલા,
પણ ના કોઇનું કોઈ ! જાવું આવવું એકલા.

પ્રભુ પદ એજ પામે છે.

—કવ્વાલી—

જગતમાં ધન્ય તે મિત્રો, ખરો જે સ્નેહ રાખે છે.
દુનિયાનાં અવનવાં ઢંગો, બદલાતા રંગ. દાખે છે.
ખીલી કરમાય છે કળીયો. ઉઘડતી બંદ. પાંખડીયો.
જડેલી સ્નેહની કડીયો. **જમાનો તોડી નાંખે છે.**

× × × × ×

ચણેલા મહેલને માળા, સદા અચળ રહેનારા
વિચીત્ર જીભડીના ચાળા, ભુમીં સાથે સુવાડે છે.

× × × × ×

જશે! આ જીવ કે દુનિયા! **થશે** બાજી ફના અહીંયા.
છતા મુજ **ધર્મની માયા.** સદા **સચ્ચાઈ** રાખે છે.
સમર્પી પ્રાણ અને કાયા, નિભાવીશ **સ્નેહની છાયા.**
વિરલ આ સ્નેહની માયા. આ કાયા કષ્ટ શાંખે છે.

× × × × ×

મરી નીજ મિત્રને માટે. અમી આકાશનું લાવે.
અનાપ ધરણી કંપાવે. ખરા ફળ એજ ચાખે છે.
ઉપાધી આધીને વ્યાધી. ઉઠાવે શામટી બાંધી.
રહદય સાથે રહદય રાખી, સુધારશ નિત્ય ચાખે છે.

× × × × ×

વખત સાથે ન બદલાતાં, રહદય જુદા નહિં થાતાં.
સદા સાથે વસી ખાતાં, **સુમિત્રો એજ શાખે છે.**
પ્રભુતા પાથરી પ્રેમે. રહે નિતી ભર્યો નેમે.
જડેલા **છે** રહદય હેમે, **પ્રભુપદ એજ પામે છે.**

—ગીતી—

જાતા તો જીવ રોજ "રોઝ" બની અગ્રી તેડે,
નિકળ્યો આખર શાર, "પાઘડી" તણા વળ છેડે;
પડી એ વળ પર ગાંઠ, **જતાં** બળી. છુટી નહી.
છુટતાં હોશે, ગાંઠ-વિણ—કરવા આખો, બુટ્ટી નહી.

ધરામા ધન્ય તે મિત્રોને

(કવ્વાલી.)

ખલકમા તે ખરા પ્રેમી-ખરો જે સ્નેહ રાખે છે.
કરે નિત શુભ સ્નેહીનું, ધરામાં ધન્ય તે મિત્રોને.
ધરે નિત્ય ધ્યાન મિત્રોનું, ઉપાસના એક જે મનમા.
અવરનુ ન ધ્યાન સ્વપનામા, ધરામા ધન્ય તે મિત્રોને.
કરે નિત્ય મિત્રની ભક્તિ, અહોનિશ શ્રેષ્ઠ માનીને
ચહે નિત્ય શ્રેય સ્નેહીનુ, ધરામા ધન્ય તે મિત્રોને.
જગતમાં જન્મીને જેણે, સંતોષ્યાં ના સ્નેહી રહગાને
ગણી ભક્તિ સર્વોત્તમ એહ ધરામાં ધન્ય તે મિત્રોને.
વ્યાધી કે વિપતીમા સદા છે—સ્નેહ એક સરખો
ધરે અંતર અહર્નિશ ધ્યાન, ધરામા ધન્ય તે મિત્રોને.
જગતમા ધન્ય તે મિત્રોને, ભણે તે ખુબી સાથી
થઇને મસ્ત સ્નેહીઓમા એવા ચુનીની યાચના એ છે

ચુગલ ખોરોને

—"કવ્વાલી"—

પડ્યા જેને બુરો ચશકો પરાઈ વાત કરવાનો
અરેઅરે એ શીતમગરો! ન કંઇ અર્થ સરવાનો
જે કરશો પારકી વાત તેનો કાળ નક્કી ભમાશે
પડી રેશે નર્ક માંહેની ... તા ટગશે.
બુરૂં કરવા બીજાનું જ્યાં ચડે ચાનક સદા જેનું
થશે નહિ કદીપણ ના 'બુરનું' પણ બુરા જેનું.
ચુગલ ખોરા મગી ભાગા, સ્મરતો ચાડીઆ કરશે,
નરક ગાઢી ને નીચે પાપ ફટ તે, ભરશે.
નથી કાંઇ દોષ હાથીમાં! છતાં ખુબ શ્વાન તો ભસતાં
ચુગલ ખોરા ગણી એવાં, અન્યો, આનંદમાં હસતાં.
સદા કમળા તણાં અખો, પીળુ પૃથ્વી બધી પેખે
"આહારે તેજ ઓડકારે," જગત આખું બધે લેખે.
નફ્ટ નિર્લજ અને નકટા, પરાઇ વાત કરનારા,
હડકયા શ્વાનની પેઠે, બધે તે ડાકુ ભરનારા.

હવે પસ્તાવું ખોટું છે.

—ગઝલ. કવ્વાલી.—

સ્નેહિ શા વૈર ને કાજે, અતિ-દુઃખ ડુંગરે ડાટે;
ચડાવી જગ્ત-ની ચાકે, મરેલાને શું ! મારે છે !
બુરી બાજી બિછાવી તેં, કર્યો-પો-બાર, પાશા-નો,
મરી હા સોગઠી તું-થી, મરેલાને શું ! મારે છે !
ફરે ચોપાશ મારામાં, અહા ! અગ્નિ તણી જવાળો,
બળુ નાં પણ સીઝાઉં છું, મરેલાને શું ! મારે છે !
કર્યો તેં ઘા મહા બુરો, રૂઝે નાં કો' હકીમોથી,
ભર્યું કાતિલ એવું-ઝહર, હવે-પસ્તાવું-ખોટું છે.
× × × × ×
જગત ચક્ષુ સુર્ય પર, થઇને રાહુ તું ધાયો,
ગ્રહણ આખે, જગે જોયું, મરેલાને શું ! મારે છે !
હતિ હા જ્યાં અમિદ્રષ્ટી, કરી ત્યાં ઝેરની વૃષ્ટિ,
અજબ ખાતર પુરી બુરૂં, મરેલાને શું ! મારે છે !
અહા ઊત્તમ ખેતીમાં, બિજ રોપી અરીણનું તેં,
નિજ કિર્તીપર કલંક લીધું. મરેલાને શું ! મારે છે !
વૃથા વ્યથા-નીપજાવી. ધર્મ અંતર તમોગુણ તેં;
બુરૂ નિજ કુળનું કીધું, હવે પસ્તાવું ખોટું છે.

ઐકયતા ઊપર દ્રષ્ટાન્ત,

રાગ પ્રભાત.

દેહ અને જીવ આ, એક સરખા ગણી, તોલિ જોયા લઇ ધર્મ કાટે,
અટલ છે ત્રાજવે, એ જુવો સ્નેહિઓ, છે નહી ફેર રતિ-વાલ માટે.
× × × × ×
ફેર છે-કંઇ નહી, ફેર પડશે નહી, એમ જાણીને-આ જીવ મોહ્યો.
દરદ દેહમાં થતાં, દુઃખ જીવને થયું. જાણી-સમાનતા જીવ રોયો.
× × × × ×
ના થઇ લાગણી, દેહને તા-દર. દેહ હસ્તી જુવો જીવ ગોયો,
જીવને આંસુડે, દેહ બીજાઇ રહ્યો ! પણ જીવ માટ, નઇ દેહ રોયો.
× × × × ×
વ્યર્થ એ ઐકયતા, એક સરખું ગણી, મારૂં-મારૂં કરી, મરી રેહવું,
દેહ અને જીવને, દાખલે દુઃખ થતાં, રોઇ-રોઇ જીવતાં-ઝુરી રહેવું.

જગત ચક્કી.

—ગઝલ, રાગ કવ્વાલી.—

ચાવી તૃણ ઢોર, કરે કુંચા, મનુષ્ય ના કંઇ મુકે બાકી;
જગત ચક્કી તણે ચક્કર, પિશાતી દુનિયા આખી.
પિશાના કાંકરા વજ્જર, રે' અખંડ કો-વિરલા સાંખી;
જગત ચક્કી તણે ચક્કર, પિશાતી દુનિયા આખી.
કરે બકવાદ, **જુઠી** જીભો, **ખરાં ખોટાં બધા આપી;**
જગત ચક્કી તણે ચક્કર, પિશાતી દુનિયા આખી.
આપે કંઈ માપ ના માપી, જણાવે વાત બહુ ઝાંખી;
જગત ચક્કી તણે ચક્કર, પીશાતી દુનિયા આખા.
ચાવિ કુંચા કરે કૌનો, મુકે કંઈ લેશ-ના બાકી;
જગત ચક્કી તણે ચક્કર, પિશાતી દુનિયા આખી.
બુરી લક્ષ્મી તણા તેજે, બને છે ભલભલાં ઘાતી;
જગત ચક્કી તણે ચક્કર, પિશાતી દુનિયા આખી.
ભલાં **શ્રીમંત** ને દેવાળુ, **કુંકાવે** જીભડી ઝાઝી;
જગત ચક્કી તણે ચક્કર, પિશાતી દુનિયા આખી,
શુરા જ્યાં **સત** મહીં રાચે, મુકે ત્યા જીભડા **કાતી.**
જગત ચક્કી તણે ચક્કર, પિશાતી દુનિયા આખી.
અહા દાના **દરવેશો**! પિશાના કંઇ **સમય** સાંખી;
રહે માથે પ્રભુનો કર, તો-રે'-અખંડ-કો વિરલા, સાંખી.

ભલુ જેણે ખરૂં કીધું.

—ગઝલ—

કદર ગુણની કરી જેણે, આહા! તેણે બધુ કીધું!
કસોટી કશ પરે દઈને, **અહા! કંચન ખરૂં લીધું!**
રહમ અથવા-કદરદાની, નથી વસ્તુ બજારોની!
નથી વસ્તુ રખડતી એ, જીવનનું તેજ છે અંતો-
ઘણાં **શયતાન** છે **મશગુલ,** ભુંડી ભુંડાઈ કરવામાં,
જનુનીએ જણ્યા પત્થરા, કહો-જામી તંગ-શું! કીધું;
ઘણાં પુસ્તક લખાયાં છે! મહાન્ નર-રાન દાનનાં,
ચળકતી લીટીઓ તેમાં, ભલુ જેણે ખરૂં કીધું.

" જે કરશે—તે ભરશે. "

—ગઝલ—

તુને છે લાખ ચાહનારા, નથી હું એક તેમાં શું;
બલાથી-જો ગયો હું તો! ગયું એમાં કે તારે શું.
ખુમારી .નાં અમારી એ, અજબ ચુપકીદીછે-તારી;
ભર્યો છે ભેદ બધો એમાં, ગુન્હેગારી, બધી મારી.
ભરી હીકમત બધી તનમાં, હશે કીમત કરી મનમાં;
કદર ના સત્યની તુજને, ગયો તો શું! રહ્યો તો શું!
ભલે મીઠાં હજારો લઈ, હા! જવા તું આંકડો દેજે;
નથી કંઈ આંકડામાં દમ, રહ્યો તો શું! ગયો તો શું!
બાંધ્યા બહુ તાર સારંગીને, તુંટયો એક તાર બઝાવવામાં;
બતાવે શુર-બે-શુરો! તુંટયો તો શું! રહ્યો તો શું!
બધા રસ્તા રહ્યા ઝાંખી, નશીબ યારી કહાં દેશે;
બલીહારી નશીબાની! " જે કરશે તે-ભરશે. "

કશમ જો-તું મુકે બાકી!

—ગઝલ.—

સમજી લે સમજી લે, અમારી તો બલાઈ છે,
પરંતુ ના સમજે તું, તારે ભુંડાઇ છે બાકી!
કરી લે ચાહ્યું તું તારૂં, ના પરવાહ હમોને છે,
કર્યું જે તેં કરી પણ લે, કશમ જો તું મુકે બાકી!

× × × × ×

પણ આખર માનજે નક્કી, કે ઇન્સાફ એનો છે,
ભલે રે-જે ચડે—ઘોડે, ન કુદરત-મુકશે બાકી!

× × × × ×

ધારતો તો હજું હું તો, કે!—અમી કંઇ તું રદયમાં છે,
પરંતુ જોઈ લીધું મેં, કે'—છે—કીનો, હવે બાકી!
વરશાવી લે સિતમ સર્વે, પ્રભુ અધાર અમોને છે,
ચુંકતો ના જરા પણ તું! કશમ જો તું મુકે બાકી

જુઠાં શીર જુતિયાં લાખો !

—ગઝલ. કવ્વાલી.—

ભલે નિર્દોષ, ગરદન પર, ઝુકે-ખંજર તણી-ધારો;
ખરાં ના રામ બેલી તો, જુઠા શીર-જુતિયાં લાખો.
કદી પાતાળનું પાણી, ચડાવા આભ પર માગો;
થશે બરબાદ તે મેહનત, જુઠા શીર-જુતીયાં લાખો.
બની-ના-વાત-બનાવીને, ભલી ભાતે-બધે ! ભાંખો;
છતાં ના સત્ય છુપાશે, જુઠા શીર-જુતીયાં લાખો.
જગત આખું તમારૂં છે ! હમારો રામ છે-પ્યારો;
રહેશો જખ મારી આપ, જુઠા શીર-જુતીયાં લાખો.
તમે કહેતા કરી કીસ્સો, ભરી પેટી મહીં આખો;
ખોલી પેટી ! જોયું આંખે, જુઠા શીર-જુતીયાં લાખો.
અંધે આયનો જોયો, બહેરો-કે'-સાંભળ્યો રણકો;
થઇ એ વાત સાચી કો ? જુઠા શીર-જુતીયાં લાખો.
મુકી દેહ કાગનો ! બગલાં, થવા પીછાં ભલે ખોશો;
ન આવે નુર ખુદાનું ત્યાં, જુઠા શીર-જુતીયાં લાખો !

કદી એ પ્રેમ નહિ છુટે.

કુડવા વિજય. —ગઝલ.—

તજાશે દેહના બંધો, તજાશે સ્નેહ સંબંધો;
રહ્યના મર્મ બંધનનો, કદી એ પ્રેમ નહિ છુટે.
જશે આ વિશ્વ ને માયા, કે કરમાશે કનક-કાયા;
હણાશે હામ ને હૈયાં, કદી એ પ્રેમ નહિ છુટે.
કદી જો આગમાં બાળો, બુઝાવિ આગને દેશે;
ઊલેચી નીરને વ્હેશે, કદી એ પ્રેમ નહિ છુટે.
જશે ઇન્સાફ ને આલમ, જશે સૌ ઇલ્મના પોથાં;
જશે સૌ બોલનારાઓ, કદી એ પ્રેમ નહિ છુટે.
જડાયાં જીવ સાથે, ને નશોનાં રક્તમાં વ્હેછે;
રહે છે રોમ-રોમે એ, કદી એ પ્રેમ નહિ છુટે.
સદા છે-છે અને રહેશે ! કદી એ દુર શું ! કહેશે;
થશે નહિ એક-એનાં-એ, કદી એ પ્રેમ નહિ છુટે.
પ્રભુ એ પ્રેમને પુજે, જગત સૌ પ્રેમથી ધ્રુજે;
ખરૂં એ શાસ્ત્રને સુજે, કદી એ પ્રેમ નહિ છુટે.

" સને ૧૯૧૪ એક સ્વાર્થી સ્નેહિ પ્રતી છેવટનાં ઉદ્દગાર, કેટલાક સુધારા વધારા સાથે."

ગુલાબ જાણી તને રાખ્યું, રખે કાંટો તને વાગે,
પરંતુ તુજ કાંટો છે! ગણીજા તું–બળીજા તું.

" કલાપી."

ન જાણ્યું! મેં કદી પેલા, વળગીયો જાત હું જાણી,
મળ્યું કવચ રસ્તામાં, **અજબ એ આપી એંધાણી.**
ભાઇ–ભાઇ, કરી કહી–સ્નેહ–વધાઇ, **હા! આખરે જવા દીધો,**
(કહુંકે)–સ્વાર્થ આપ સારી લઇ, દગો દીધો–દગો દીધે
હતો કરવો દગો જ્યારે! ન માર્યો શીદ ખંજરથી,
સંભળાવિ શબ્દ સ્નેહીનાં, વિંધી નાંખ્યો તે અન્તરથી.

× × × × ×

" તારે ખાતર તારાને, **ગણી લીધાતાં મારા મેં** "
" તારે ખાતર તારાનાં, સુણ્યા બહુ **કુવચન** પણ મેં."

× × × × ×

ને–ગણાયો હું અતિ ભૂંડો, **કરવા તુંજ ભલાઇમાં,**
ઘા, પડીયા ખંજરના, સગાની પણ સગાઇમાં.
દીધું જે મેં તને આપી! હવે ના પાશ તે મારી,
રહ્યો આપી–નશીબમાંથી, જગત શું જાણે લાચારી.

× × × × ×

જો નક્કી હોત આવું તો, નહી સ્હેતે–નહી સ્હેતે,
જીવાતે ના કદી જગમાં, તો ભલે **એકલો મરી રહેતે.**

* * * * *

હવે જેવું લખ્યું તેવું, ન–બીજું કંઇ લેવું–દેવુ,
પાતા **અમૃત** ચઢે જ્યાં વિષ, તાં પસ્તાવું પાનારે કેવું.

\+ \+ \+ \+ \+

નથી અદકુ કે ઓછુ, હતું તેવું ભરેલું આ,
છતાં પડે જો વતુ–ઓછુ, તો–માગી મન, પાશથી લેજો.

કાન્તિ—કળા— —શેર—*

"કરીને ભોગવે તેમાં, નથી કંઈ દોષ બીજાનો;
કુવચના બીજ વાવે તો, નકામી આમ્રનિ આશા.
સાકર ત્યાં સદા મીઠાશ, વશે છે, વિષમાં કડવાશ;
સમજતા છે છતાં કરતાં, કુકર્મી વો'રતા કડવાશ.
મળ્યો મોંઘો મનુષ્યાવતાર, અલ્યા કંઇ ચેત ઓ પાપી!
રીબાઇ તું દુઃખી થાશે, ફરતા લક્ષ ચોરાશી."

"બેત"

ઘડીમાં દુઃખના જ્યુંગલ, પલટે સુખનાં વાગે,
ઘડીમાં સુખનાં જ્યુંગલ, પલટે દુઃખનાં વાગે.
ફરે છે સુખ ને દુઃખો, ચક્કર છાંયડી પેઠે,
*ન ગભરા આવે છે ઈન્સાફ! ઇશ્વર, ધાર્યું બની રેશે.

× × × × ×

"બેત"

જન્મી ઊંચ્ચ યોનીમાં, ફકીર થૈ વેવલા વિણશે,
ત્યજે ના ખાનદાની—તે, ફકીરીમાં છુપે રે'શે.
ફકીરીનો જે અમીર થાશે! અમીરી ક્યાંય દબે જાશે,
*રોપ્યા જેણે હશે જે બીજ! અચુક ફળ તેવાં તે વિણશે.
ઇશ્વર પત રાખે છે! કરીશ જો કર્મ સારાં તો;
નથી તે ઘોર નિન્દ્રામાં, જમા ઉધાર કર્યો જાતો.

—શેર—

સજે જો કાગને કંઠે, કદાપિ માળ મુક્તાની,
ધરાવે શ્વાનને હીરા, પલકમાં થાય ધૂળધાણી.
ખવાડે શર્કરા ખરને, ત્યજે ના કુંશકાને તે,
પિવાડે દુધ સર્પોને, ત્યજે ના વિષ તે પોતે.
ત્યજીને આમ્રફળ ઊંટો, તલપતાં ઝાંખરા ભાળી,
દેએ જો દોઠને કંઇ શીખ, તે પડયું પત્થર ઉપર પાણી.

---

* ગઝલમાં પણ ગવાશે.

* * ફેરવેલું.

વસંત–વિજયમાંથી–સોનેરી શબ્દો.

જેનાં શીરે ભાવિ વિપદ્ ફ્રરે છે,
નિર્ભાગી તે ભ્રષ્ટમતિ બને છે;
ઉન્મત થાયે ભુલી જ્ઞાન શુદ્ધિ,
વિનાશકાળે વિપરિત બુદ્ધિ.

આ ક્ષણ ભંગુર સંસારમાં, નહિ અમ્મર કો માનવિ,
મળશે નતિજો કર્મનો, એ રાખજો રદયે ધરી.
\+ + + + +
પાપી પ્રપંચી જન તણો, વિજય ધારવો દિન ચારનો,
પણ સત્યવાદી સદા સુખી, એ ન્યાય વિભુ દરબારનો.
\+ + + + +
દુષ્ટ કર્મના કરનાર પર, કોપ કુદરત તણો થશે,
કરેલા કર્મનો બદલો, ખરેખર આ ભવે મળશે.

રા. ઠક્કુર નારાયણ– –શેર–

આ ઘોર અત્યાચાર છે, આ નાશ બિજ વવાય છે,
બશ એજ નિરંતર નાદ આજે, ગગનમાંથી થાય છે.
રવિ ચંન્દ્ર બન્ને દે, પુરાવો, સર્વ વિશે સહુ વાતનો!
છે એક સાક્ષી દીવસનો ને, એક સાક્ષી રાતનો!

ઊપકાર પર અપકાર.

વસંત–વિજય. “દષ્ટાંત.”

હંસે ઊંદર એક–કાદવ પડયો, દીઠો જાતા જે ઘડી,
ખોળે લઇ નવડાવીયો, જળ વિશે ગંગા તણાંમાં પડી.
ટાઢે કંપીત ધારી, પાંખ લપટાવિયો–ત્યાં પાંખ કર્ડી બધી.
આપે છે ફળ એહવું, દુષ્ટજન તો! ડાહ્યા જનોને નક્કી.

સ્નેહનો અંત-જીવન, પર તિરસ્કાર.

જુઠું જગત.

—ગઝલ, કવ્વાલી—

તમે મુજને ગણો સ્નેહી, કહો સ્નેહીજ હું ક્યાંથી,
જઇશ છોડી ઘડી પળમાં, હતો આવ્યોજ હું જ્યાંથી.
જઇશ છોડી હું તરછોડી, તમે પાછળ કદી રોશો,
હમે ના આવશું પાછા, તમે તો **આંસુડા ખોશો.**
તમે હમને ગણી સ્નેહી ! રહ્યા ખુબ અમ માં રાચી,
ના—ના ગણો નહી સ્નેહી ! કાયાની માયા છે કાચી.
કદી અન્તર સ્નેહ ગણીને ખુબ, મળી અમમાં મરી રહેશો.
કરી જીગરે બહુ બહુ યાદ, આપે **આંસુડા ખોશો.**

હમારી યાદ.

—ગઝલ—

હમારી યાદ કરો જે દીન, હમારાં રૂપને રોતા નાં,
હમારી યાદગારીમાં, **હમારાં ગુણ જોતા નાં.**
હમારી નાશવંત જીંદગી, હતી ક્યારે હતી પણ ના,
કરીએ, યાદ રદયથી—હા, કદી મનથી મુઝાતાં ના.
પણ ચાહો હમને રદયથી જો, તો હમારા છીદ્રને જોજો,
અને કરી—યાદ અમ ભુલો, દઈ માફી રડી જોજો.

હું—શું—કરૂં.

—ગઝલ લલીત.—

શું કરૂં ક્યાં જાઉં કો—હું, મુજ દુઃખ કો આગળ રડું,
રે બળી—જળી અંતે રહું, કહો, કહો, કો, **હું—શું—કરૂં.**
ધીક્કાર ઊપજે મૃત્યુ પરનાં, છે જીવન તુચ્છ આ ભાસ્તું,
અંધકાર દીશે સ્થળ સર્વે, અજવાળું ના કંઇ ભાસ્તું.
રે મરવા તણી હોંશો ઘણી, જીંદગી ઘડી—પળ ના ગમે,
જોવું—આવતુ મૂજ મોત આજે ! છે પળ એક. કે ઘડીના સમે.

પત્થર જેવા રદયના માણસને

" ગઝલ—કલીત—પહાડી "

રે થઇ ચુક્યુ—રે થઈ ચુક્યું ! ના કંઇ હવે તો છે રહયું,
ના સ્નેહનાં ઝરણાં ઝરે જ્યાં, ત્યાં બોલવું નાં કંઈ રહયું.
આવો જાવો આવજો, હાં ! બેશો ઊઠો નામનાં,
નાં અંન્તર તણા એ શબ્દ છે તો, ખાલી રૂપકો શા કામનાં.
દ્રવતું રદય દેખી અરે, રે, ના તે હૃદય જો કંઇ દ્રવ્યું,
ના ના હૃદય તેને ગણો, ના જાય અમથી તે સહયું.
પત્થર ભલે પત્થર ગણો, છે પત્થરો બહુ કામનાં,
પણ નિરશ હૃદય માણશો, એ **માત્ર પત્થર નામનાં.**
રે, સ્નેહીનું શંકટ જોઇને, ના નીજ રદય શંકટ વશ્યું,
તો ધીક્કાર જીવતર તેહનું, હોજો રદય દવથી બળ્યું,

હમારી કબુલાત.

—કવ્વાલી—

હમારો જન્મ આ જગમાં, સદા રોવાં તણા કાજે,
હમારૂં વધતું આયુષ્ય, સદા ખોવાં તણાં કાજે.
હમારૂં ચાહવું નિત્યે, સદા સ્હેવા તણાં કાજે,
હમારૂં સેહવું નિત્યે, સદા આંસુ તણા કાજે.

* * * * *

હમારો પ્રેમ ઊભરાતો, સદા ઊછળી જવા માટે,
હમારો ક્રોધ ધગધગતો, સદા જળી જવા માટે.

* * * * *

હમારો પાઠ સદાએએ, ભલુ સૌનું થવા કાજે,
હમારૂં કામ સદાએએ, પરના હીત ને કાજે.
હમારૂં કામ તો નિત્યે, થયા કરતું પ્રભુ પ્રિત્યે,
હમારૂં નિત્ય કર્મ સૌ, "હજો" જગનાંજ હિત અર્થે.

અસાર,-સંસાર-સગપણ.

—ગઝલ. ચોપાઇ—

કંઇ આ દેહની સગાઈ ગણી, બે આંસુડા તો પાડજો.
રે જઇએ હમે તો કુચ કરી, ના–કો હવે સંભારજો.
રે સંબંધ ગણશો નાં હવે! જઇએ હમે ;તો પરઘરે,
ના સંભારજો–ના સંભાર તો, કેજો–કો સ્નેહી સાંભરે.
ને સમશાનની ભુમી સુધી, વ્હાલે વળાવાં આવજો,
રે ભડભડતી ચિત્તા–ચીત પેખી, **બે આંસુડા પણ પાડજો.**
ને આ દેહની મુરવત હતી તે, દેહને પણ બાળજો,
ઠારીજ ચિત્તા ચીજને ત્યાં! છારને પણ છારજો.
રોશો નહિં રોવરાવશો નાં, છે હતો નહિં ધારજો,
હતો નહી છે પણ નહી, ગણીને નાહી નાંખજો.

મારી.

-ગઝલ. ચોપાઇ.-

આજે મારી અને સલામ, કહું તે માનજો વ્હાલાં બની,
ને બોલ્યું ચાલ્યું માફ કરજો, હેતે હિતસ્વી બની.
હોશે હમારી બહુ ભૂલો ગણતાં તમે તેતો નહી,
માફી એ દેજો માફ અમને, ક્ષમા ગુણે–ક્ષમા ગ્રહી.

* * * * *

હમે તો છેએ ભિક્ષુક રેમ નાં, હો રેમ દાતારો બની,
પણ અ–રહેમની દ્રષ્ટી થકી, જોતાં નહી દાતા થઇ.
ને ધારજો હમને ભલા, તમે થઇ ભલા–ભલાઈમાં,
તો સંતોષ હમને બહુ થશે, ભલાની ભલમનશાઈમાં.

છેવટનો સંદેશો.

"ગઝલ-લલીત"

જાશું હમે જાશું હવે, તમે સંદેશો ત્યાં ના ફાવશો,
શો, શો, મોકલતાં એપીયાઓ, ત્યાં તમે ના ફાવશો,
છે વાટ વિકટ તે અતી, દર મંજલે વધતી જતી,
ભાસતી ક્રુર નવિન રૂપે, **યથા कर्मों भव गर्ता.**
રે! એવાટ થી જાશું અમે, ના ના તમે નહી રોકશો,
અવલ મંજલ આવી રહી, હાં તમે હવે નહી ટોકશો.
રે દુનિયાને હું દેખું નહિ! કો-કઓ, ને દુનીયા કયાં ગઇ,
છે નહિ, રેશે નહી, જોઉં નહી રોતા નઇ.
ને આશ ધરશો ના કદી, કો દીન પણ મળવા તણી,
મારો તારો સબંધ પુર્વે, આજ આખર લ્યો ગણી.
છેવટનો-સંદેશો, આ મૂજ, સાંભળી લ્યો ખુબ હશી,
પોકારી કેતા સંત સાધુ, **ईश्वरी इच्छा बलीयशी.**

અદ્રશ્ય-દ્રશ્ય.

"ગઝલ-લલિત"

રે સ્નેહી તમ જીવન ધન્ય! ધન્ય સ્નેહી ઉચરે!
રે જાશું મરી અમે જે દીને, તે દીન આનંદી ખરે.
કે જોશું અમે **અદ્રશ્યથી,** તમ રદત્ર રેતા ભાવને,
કે છે! ખરૂં કે છે નહી, કે છે અચળ રહેલું અને.
જોશું રહેલું જોવાનું જે! **દ્રશ્ય** થયલું ના કદી,
થાશે સત્ય તે જોવાથકી તો- પુનઃ મળશું એક દી.

લેખક-**મનહર.**

ભાગ ૧લો સમાપ્ત.

જે ઘરમાં નારી પુજાય, તેના પુર્વજ રાજી થાય.

રા. બા. ચિ. વિ. વૈદ. એમ. એ, એલ્. એલ્. બી.

જે ઘરમાં નારી નીંદાય, તેના પુર્વજ નર્કે જાય.

લેખક.
